| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૩/૦૯/૨૦૧૭ | | |
| દાખલ તારીખ | : | ૧૩/૦૯/૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૮ | ૦૬ | ૨૭ |

सत्यमेव जयते

**મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**
**મુ. જંબુસર.**

**ફોજદારી કેસ નંબર : ૧૫૮૨/૨૦૧૭**
**આંક :– ૫૦**

**ફરીયાદી** : શ્રી સરકાર,
જંબુસર પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ**

**આરોપી** : **ગુફરાન ફરઝદઅલી જમાહિર રોળા,**
ઉ. વ. પુખ્ત, ધંધો – ડ્રાઈવીંગ,
રહે. ૩૨૨, ચમરૂપુર પઠાણ, ભાટપુરવા થાણા,
જેઠવારા, જિ. પ્રતાપગઢ(યુ.પી.)

**ગુન્હો : ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ),**
**તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી............ શ્રી વી. આર. પંચાલ // | |
| // આરોપી તરફે વિ.વ...................... શ્રી એસ.એસ.પટેલ // | |

:: જજમેન્ટ ::

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૯/૦૬/૧૭ ના કલાક ૨૨:૩૦ વાગે જંબુસર પાદરા રોડ ઉપર અણખીગામના બસ સ્ટેન્ડ નજીક પોતાના કબજામાંનો ટ્રક નં. જીજે–૦૧ –સીવાય–૧૮૬૬ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ સાઈડે પાર્કીંગ કરેલ ટેન્કર નં. જીજે–૧–સીએક્ષ–૮૦૬૫ની પાર્કીંગ લાઈટ ચાલુ હોવા છતાં ટેન્કરની પાછળથી અથાડી દઈ ટેન્કરની આગળ ખાલી સાઈડના વ્હીલનુ કામ કરતા ડ્રાઈવર નારણભાઈ મોહનભાઈ જયંતિભાઈ ડાહયાભાઈ પરમારનાઓ પોતાના ટેન્કરના વ્હીલ નીચે આવી જતા, સારવાર દરમ્યાન મોત નિપજાવી આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ જંબુસર પો. સ્ટે. માં દાખલ કરતાં જંબુસર પો. સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૨૪/૨૦૧૭ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની જંબુસર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીનું સ્ટેટમેન્ટ **આંક–૧૮** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**મૌખીક પુરાવો**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | આર.ટી.ઓ. અધિકારી રામદેવસિંહ ગંભીરસિંહવાળાની જુબાની | ૨૧ |
| ૨ | પંચસાહેદ હરમાનભાઈ નાગજીભાઈ બારીયાની જુબાની | ૨૪ |
| ૩ | પંચસાહેદ વિનોદભાઈ વરઘમભાઈ પટેલની જુબાની | ૩૧ |
| ૪ | સાહેદ મોતીભાઈ ગોવિંદભાઈ ઠાકોરની જુબાની | ૩૩ |
| ૫ | સાહેદ વિનોદચંદ્ર મંગળભાઈ પટેલની જુબાની | ૩૪ |
| ૬ | ત.ક.અમલદાર ગજેન્દ્રકુમાર રામનિવાસ શર્માની જુબાની | ૪૩ |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ | ૨૨ |

| | | |
|---|---|---|
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૫ |
| ૩ | અટક પંચનામુ | ૨૬ |
| ૪ | મરણોત્તર પંચનામુ | ૨૭ |
| ૫ | પી.એમ. રીપોર્ટ | ૨૮ |
| ૬ | અસલ ડેપ્યુટ હુકમ | ૪૪ |
| ૭ | ફરીયાદ | ૪૫ |
| ૮ | સ્થળ પરીક્ષણ | ૪૬ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી. આર. પી. સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, '' અમો તદન નિર્દોષ છીએ, અમોને ખોટી રીતના આરોપી બનાવેલ છે. ''

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. વી. આર. પંચાલ તથા આરોપી તરફે વિ. વ. એસ.એસ.પટેલની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૯/૦૬/૧૭ ના કલાક ૨૨:૩૦ વાગે જંબુસર પાદરા રોડ ઉપર અણખીગામના બસ સ્ટેન્ડ નજીક પોતાના કબજામાંનો ટ્રક નં. જીજે–૦૧–સીવાય–૧૮૬૬ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ સાઈડે પાર્કીંગ કરેલ ટેન્કર નં. જીજે–૧–સીએક્ષ–૮૦૬૫ ની પાર્કીંગ લાઈટ ચાલુ હોવા છતાં ટેન્કરની પાછળથી અથાડી દઈ ટેન્કરની આગળ ખાલી સાઈડના વ્હીલનુ કામ કરતા ડ્રાઈવર નારણભાઈ મોહનભાઈ જયંતિભાઈ ડાહયાભાઈ પરમારનાઓ પોતાના ટેન્કરના વ્હીલ નીચે આવી જતા, સારવાર દરમ્યાન મોત નિપજાવી આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

## –: કારણો :–

### મુદ્દા નં.૧

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ આ કામના ફરીયાદી મગનભાઈ ચંદુભાઈ રાઠોડને **આંક–૨૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭માં આર.ટી.ઓ. ભરૂચ મુકામે મોટર વાહનના ઈન્સ્પેકટર તરીકેની ફરજ પર હતો તે સમયે તા. ૧/૬/૧૭ ના રોજની જંબુસર પોલીસ સ્ટેશન પી.આઈ. શ્રી ની યાદી મુજબ જંબુસર પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૨૪/૧૭ ના ગુનાના કામે અકસ્માતનો બનાવ હોય તેમાં સંડોવાયેલ ટ્રક નં. જીજે–૦૧ –સીવાય–૧૮૬૬ નંબરના વાહનની યાંત્રિક પરીક્ષણ માટે તેઓને યાદી મળેલ, જેથી તેઓ એ યાદી આધારે તા. ૪/૭/૨૦૧૭ ના રોજ સવારે ૧ કલાકે બનાવની જગ્યા અણખી ગામ પાસે પાદરા રોડ પર જઈને તેનુ ઈન્સપેકશન કરી એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મમાં વાહનની યાંત્રિક તપાસણીની વિગતો ચકાસ અને તેનો રીપોર્ટ તપાસ કરનાર અમલદારનાઓને તપાસના કામે સોંપેલ. જે તેઓના રીપોર્ટમાં સદરહુ ઉપરોકત નંબરના વાહનના બ્રેકસ, સ્ટીયરીંગ, એન્જીન, ગીયર બોક્ષ, વ્હીલ એકસેલ, સ્પ્રીંગ તમામની ચકાસણી કરતા તે સારી હાલતમાં અને ઓર્ડર કંડીશનમાં જણાઈ આવતા જેની નોંધ રીપોર્ટમાં કરેલ તથા સદરહુ વાહનને આગળના ડાબી સાઈડના હેડ લાઈટ તેમજ બમ્પર તેમજ શો નુકશાન પામેલાનુ જણાઈ આવેલ. સદર ઉપરોકત નંબરના વાહનનુ ઈન્સ્યોરન્સ, ફીટનેસ સર્ટીફીકેટ તથા પરમીટ તથા રજિસ્ટ્રેશન અને ટેક્ષ બાબતોની પોલીસ અધિકારી ધ્વારા તપાસ કરવામાં આવેલ હતી. સદરહુ વાહન તપાસણી સમયે રોડ ઉપર યોગ્ય હાલતમાં હતી. જેથી તે બાબતે તેમને અન્ય અભિપ્રાય આપવાનો રહેતો ના હોય તેઓએ મુજબનો રીપોર્ટ આપેલો.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, કહેવાતા બનાવમાં ટેન્કર નં. જીજે–૦૧–સીએકસ–૮૦૬૫ને તપાસણી કરવાનો પ્રસંગ બનેલ નથી. વાહન વચ્ચે અકસ્માત થાય તે સંજોગોમાં બંને વાહનની તપાસણી કરવી જરૂરી છે. તેઓ જયારે સ્થળ ઉપર તપાસણી કરવા ગયા ત્યારે ટેન્કર નં. જીજે–૦૧–સીએકસ–૮૦૬૫ સ્થળ પર ન હતુ કે કેમ તેનો તેમને ખ્યાલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓને ટ્રક નં. જીજે–૦૧–સીવાય–૧૮૬૬ની યાંત્રિક તપાસણી માટે બોલાવેલા હતા. અકસ્માતમાં બીજા વાહનની યાંત્રિક તપાસ કરેલ ના હોય જેથી તેઓ ચોકકસ કહી શકે નહી કે કયા વાહનની બેદરકારીના કારણેઅકસ્માત થયેલો.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચસાહેદ હરમાનભાઈ નાગજીભાઈ બારીયાને **આંક–૨૪** થી તપાસેલ છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૨૫** થી રજુ કરવામાં આવેલ છે.

ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચસાહેદ મોતીભાઈ ગોવિંદભાઈ ઠાકોરને **આંક–૩૧** થી તપાસેલ છે, બન્ને પંચસાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ

તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૨૫** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, આ પંચનામામાં સહી કર્યા સિવાય કોઈ પણ હકીકતની તેમને ખબર નથી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ મોતીભાઈ ગોવિંદભાઈ ઠાકોરને **આંક–૩૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ હાલમાં મકરપુરા જી.આઈ.ડી.સી. મુકામે રહેણાંક ધરાવી ખાનગી નોકરી કરી તેમના કુટંબનુ ગુજરાન ચાલવે છે. તેમને હાલમાં તારીખ યાદ નથી પરંતુ ૨૦૧૭ ના જુન મહિનામાં છેલ્લા અઠવાડીયાના સમયે વહેલી સવારે તેમના કાકા નારણભાઈ મોહનભાઈનાઓનુ અકસ્માતના કારણે મરણ થયેલ. તેઓ તેમનુ ટેન્કર લઈને ટેન્કરમાં દહેજ ખાતેથી કેમિકલ ભરીને પરત ફરી રહેલ હતા તેવા સમયે તેમની સાથેના કન્ડકટર રમણભાઈ પરમારનાઓ હતા અને તેઓ જંબુસર પાદરા રોડ પર આવેલા એકતા હોટલ પર આરામ કરતા હતા અને વહેલી સવારે તેમનુ ટેન્કર ચેક કરતા દરમ્યાનમાં તમેની ઉભી ટેન્કરને પાછળથી કોઈએ ટકકર મારતા તેમની ઉભી ટેન્કરને અથડાતા તેમની ટેન્કરનુ વ્હીલ તેઓની જાંઘ પર ફરી વળેલુ અને જે કારણે તેઓનુ મરણ થયેલાનુ તેમના ગામના ગુલાબભાઈ ઠાકોરના કહેવાથી ફોન પર જાણેલુ. તેઓના જણાવ્યા મુજબ આ કાકાને જંબુસર સરકારી દવાખાને દાખલ કરેલ હતા જેથી તેઓ ત્યાં ગયેલા અને તેમના કાકા નારણભાઈનુ લાશનુ પોસ્ટ મોર્ટમ કરીને પોલીસે તેઓની લાશ ગુલાબભાઈને સોંપેલી અને તેઓએ મરણ

જનારની અંતિમ વિધી કરેલી. બનાવ બાબતે ટેન્કરના કંડકટર રમણભાઈનાઓએ પો.સ્ટેશનમાં ફરીયાદ આપેલી. પોલીસે બનાવ સબંધિત તેમની પુછપરછ કરેલી.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવની જાણ તેઓને ફોન ધ્વારા મળેલી. બનાવ કેવી રીતે બનેલો અને અકસ્માત કેવી રીતે થયેલો તેની તેમને કોઈ જાત માહિતી નથી.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ મોતીભાઈ ગોવિંદભાઈ ઠાકોરને **આંક–૩૪** થી તપાસેલ છે, તેઓ ખેતી પહેલા બાન્કો કંપનીમાં નોકરી કરતો હતા. તેઓ ફેબ્રીકેશનનુ કામ જાણે છે અને બાન્કો કંપનીમાં ફેબ્રિકેશનનુ કામ કરતો હતો. બાન્કો કંપની જંબુસર પાદરા તરફના રસ્તા પર આવેલી છે. તેમને આ રસ્તા પર કયારેય કોઈ બનાવ જોવાનો પ્રસંગ બનેલો નથી અને તે અંગે તેમને પોલીસને કયારેય કોઈ જવાબ લખાવવાનો પ્રસંગ બનેલ નથી. પોલીસે તેમની કોઈ સમયે કોઈ પુછપરછ કરેલ નથી. તેઓ કોઈ બનાવ કાંઈ જાણતા નથી. તેમને બાન્કો કંપનીમાંથી ૧૯૯૬ માં છુટા કરવામાં આવેલા. તે પછી તેમને તે રોડ પર કોઈ કામ કરવાનો પ્રસંગ બનેલ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૪)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ત.ક.અધિકારી/અ.હે.કો. ગજેન્દ્રકુમાર રામનિવાસ શર્માને **આંક–૪૩** થી તપાસેલ છે, સને ૨૦૧૭ માં તેઓ પી.આઈ. જંબુસર તરીકે ફરજ બજાવતા હતા. દરમ્યાન તા. ૩૦/૦૬/૨૦૧૭ ના રોજ

તમેના પો.સ્ટેમાં પી.એસ.ઓ. શ્રીનાઓ રૂબરૂ અકસ્માત અંગેની ફરીયાદ આવતા જેઓએ સદર ગુનો રજિસ્ટર કરી તેની તપાસ તેઓ તરફ ફરીયાદ તથા ડેપ્યુટ હુકમ સાથે મોકલી આપેલ. જે તપાસ તેઓએ સંભાળી લીધેલી. તપાસ દરમ્યાન તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તથા આરોપીનુ શરીર સ્થિતીનુ પંચનામુ કરી આરોપીને અટક કરી સમય મર્યાદામાં નામ. કોર્ટમાં મોકલી આપેલા. બનાવમાં સ્થળઅંગેનુ પરીક્ષણ કરવાનુ તેઓને લાગતા તેઓએ સાયન્ટીફીક ઓફીસરનાઓને યાદી કરી સ્થળ પર પરીક્ષણ કરવા બોલાવેલા. જેઓએ સ્થળની મુલાકાત લઈ તેનો પ્રાથમિક અહેવાલ તેઓને સુપરત કરેલો જે તપાસના કામે તેઓએ સામેલ રાખેલ. બનાવમાં ભોગ બનનાર નારણભાઈ ઠાકોરનુ પી.એમ. મેડીકલ ઓફીસર કોરાનાઓએ કરેલુ. જે યાદી કરી મેળવીને તપાસના કામે સામેલ રાખેલ. બનાવમાં સંડોવાયેલ વાહન ટાટા ટ્રકનુ યાંત્રિક પરીક્ષણ કરવા હેતુ તેઓએ ભરૂચના આર.ટી.ઓ. ઓફીસર ધ્વારા તેનુ યાંત્રિક પરીક્ષણ કરી આપતા તેઓએ તે તપાસના કામે સામેલ રાખેલ. ભોગ બનનારનુ મરણ થયેલ તે સમયે તેઓની લાશનુ ઈન્કવેસ્ટે પંચનામુ કરેલુ, તે પંચનામુ તપાસના કામે સામેલ રાખેલ. તેમજ ગુનાના કામે લાગતા વળગતા સાહેદના નિવેદનો મેળવેલા તથા બનાવના સંડોવાયેલા આરોપીનુ લાયસન્સ રદ કરાવવા તેઓએ આર.ટી.ઓ. ઓફસ યુ.પી. યાદી કરેલી. તેઓને પોલીસ તપાસના પેપર્સમાંથી એક અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવતા તે જોઈને તઓ કહે છે કે, તે તેમના પો.સ્ટે. ના પી.એસ.ઓનાઓએ કરેલ હુકમ છે તે જ છે. જેમાં તેમના પી.એસ.ઓ. શ્રી. અ.હે.કો. કનુભાઈ રત્નાભાઈની સહી છે જે તેઓ ઓળખે છે. જે આંક–૪૪ થી રજુ રાખેલ છે. પોલસ તપાસના પેપર્સમાંથી એક અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવતા જે જોઈએન તેઓ કહે છે કે તે તે જ ફરીયાદ છે જે ગુનાની તેઓએ તપાસ કરેલી. તેમાં તેમના પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રી કનુભાઈ રત્નાભાઈની સહી છે તથા

ફરીયાદીની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૪૫ થી રજુ રાખેલ છે. પોલીસ તપાસના પેપર્સમાંથી એક પ્રાથમિક અહેવાલ બતાવાવમાં આવે છે જે જોઈએ તઓ કહે છે તે સાયન્ટીફીક ઓફીસર શ્રી.બી.એમ.દેસાઈ સાહેબનાઓએ સ્થળ પરીક્ષણ કરીને આપેલ તે જ અહેવાલ છે. જેમાં તેઓ સહી તેમજ હોદદાનુ સીલ છે. જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૪૬ થી રજુ રાખેલ છે. તેમને આંક–૨૫ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, સદર ગુનાની તપાસ દરમ્યાન પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ છે તે જ છે. જેમાં બે પંચોની સહીઓ છે તેમજ રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૨૬ વાળુ એક અટક પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે સદર ગુનાની તપાસ દરમ્યાન તેઓએ બે પંચોની હાજરીમાં આરોપીની અટક કરેલી તે જ પંચનામુ છે. જેમાં બે પંચોની સહીઓ છે તેમજ રૂબરૂ તરીકેની તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને આંક–૨૭ વાળુ એક મરણોત્તર પંચનામુ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે સદરહુ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ બે પંચોની હાજરીમાં લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ તે જ પંચનામુ છે. જેમાં બન્ને પંચોની સહીઓ છે તેમજ રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે, જેઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામ.કોર્ટમાં ચાર્જસીટ રજુ કરેલ.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, કહેવાતા બનાવનો સમય રાત્રીનો હતો. અણખી ગામ પાસે ચાર રસ્તા પડે છે. જંબુસર થી અણખી ગામવાળા રોડની આજુબાજુ ઘરો, ખેતરો તેમજ હોટલો આવેલ છે. અણખી ગામની આગળ, ઉચ્છદ ગામ સુધી રહેણાંકના કોઈ મકાનો આવેલ નથી. ટેન્કર નં. જીજે–૦૧–સીવાય–૧૮૬૬ નીગાડીના માલિકનો કોઈ જવાબ લીધેલ નથી. ટેન્કર નં. જીજે–૦૧

–સીએક્ષ–૮૦૬૫ નીગાડીના માકિલનો કોઈ જવાબ લઘેલ નથી. ફરીયદમાં તથા સ્થળ સ્થિતી પંચનામુ તેમજ સાહેદોના નિવેદનોમાં આરોપીના નામ ઠામનુ વર્ણન કરવામાં આવેલ નથી. આરોપીની એકઝુ. મેજિ.સમક્ષ કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. તેમની તપાસમાં એવુ કંઈ આવેલ નથી કે ૧૦૮ ને કોણે બોલાવેલી. અણખી–જંબુસરવાળો રોડ છે તેની બાજુમાં કોઈ પાર્કિંગ રોડ નથી. સદર ગુનાની તપાસના કામે તેઓએ માર્ગ વાહન વ્યવહાર કે આર.ટી.ઓ. કચેરીના કોઈપણ અધિકારીઓના નિવેદન લીધેલ નથી.

**(૧૫)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની દલીલ સાથે સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂઘ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

> (A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death

ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

આમ હાલના કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. જેથી આરોપી વિરુધ્ધના સદર ગુનાનું તહોમત સાબીત કરવા ફરીયાદપક્ષે મુખ્યત્વે નીચે મુજબના આવશ્યક તત્વો સાબીત કરવા પડે.

૧. જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

૨. બેફામ અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા વ્યથા થવાનો સંભવ હોય.

**(૧૬)** ઉપરોકત ગુનાહિત તત્વોને ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, **આંક–૨૧** થી નિવૃત્ત

આર.ટી.ઓ. ઈન્સપેકટરને તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમની સરતપાસમાં તેમની ફરજમાં આવતી કાર્યવાહી કરી તેમનો અભિપ્રાય આપેલ હોવાનુ જણાવેલ છે અને સદર સાહેદે આંક–૨૨ થી અસલ એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ આ કામે રજુ કરેલ છે. જયારે બચાવપક્ષે તેમની ઉલટ તપાસમાં તેઓ એ વાત કબુલ રાખે છે કે, કહેવાતા બનાવમાં ટેન્કર નં. જીજે–૦૧–સીએકસ–૮૦૬૫ને તપાસણી કરવાનો પ્રસંગ બનેલ નથી, વાહન વચ્ચે અકસ્માત થાય તે સંજોગોમાં બંને વાહનની તપાસણી કરવી જરૂરી છે, તેઓ જયારે સ્થળ ઉપર તપાસણી કરવા ગયા ત્યારે ટેન્કર નં. જીજે–૦૧–સીએકસ–૮૦૬૫ સ્થળ પર ન હતુ કે કેમ તેનો તેમને ખ્યાલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓને ટ્રક નં. જીજે–૦૧–સીવાય–૧૮૬૬ની યાંત્રિક તપાસણી માટે બોલાવેલા હતા, અકસ્માતમાં બીજા વાહનની યાંત્રિક તપાસ કરેલ ના હોય જેથી તેઓ ચોકકસ કહી શકતા નથી કે કયા વાહનની બેદરકારીના કારણેઅકસ્માત થયેલો. વધુમાં **આંક–૩૩** થી તપાસેલ સાહેદ મોતીભાઈ ગોવિંદભાઈ ઠાકોરનો મૌખિક પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમની સરતપાસમાં એવુ જણાવે છે કે તેઓને સદર અકસ્માતની જાણ તેમના ગામના ગુલાબભાઈ ઠાકોરના કહેવાથી ફોન પર જાણવા મળેલુ. જયારે સદર સાહેદ તેમની ઉલટ તપાસમાં પણ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, સદર બનાવની જાણ તેઓને ફોન ધ્વારા મળેલી તથા સદર બનાવ કેવી રીતે બનેલો અને અકસ્માત કેવી રીતે થયેલો તેની તેમને કોઈ જાત માહિતી નથી. વધુમાં **આંક–૩૪** થી તપાસેલ સાહેદ વિનોદચંદ્ર મંગળભાઈ પટેલનો મૌખિક પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમની જુબાનીમાં એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, તેઓને આ રસ્તા પર કયારેય કોઈ બનાવ જોવાનો પ્રસંગ બનેલો નથી અને તે અંગે તેમને પોલીસને કયારેય કોઈ જવાબ લખાવવાનો પ્રસંગ બનેલ નથી, તેઓ બનાવ વિશે કંઈ જાણતા નથી, તેમ જણાવી ફરીયાદ હકીકતને

લેશમાત્ર સમર્થન કરેલ ન હોય સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં **આંક–૨૫ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના** પંચસાહેદો **આંક–૨૪ તથા આંક–૩૧** થી તપાસવામાં આવેલ છે. જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ **આંક–૨૫ વાળુ ગુનાવાળી જગ્યાનુ** પંચનામુ પુરવાર કરી શકેલ નથી. જયારે **આંક–૨૬ થી અટક પંચનામુ તથા આંક–૨૭ થી મરણોત્તર પંચનામુ** આરોપી પક્ષે કબુલ રાખવામાં આવેલ છે.

આમ, ઉકત સાહેદોના પુરાવાથી સદર બનાવ સમયે વાહનની ગતી શું હતી અને કોની કસુરથી અકસ્માત થયેલ તે હકિકત જણાઈ આવતી નથી. વધુમાં **આંક–૪૩** થી તપાસેલ ત.ક.અધિકારીનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરજનાં ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપેલ છે અને તેઓનાં પુરાવામાં ડેપ્યુટ હુકમ **આંક–૪૪** થી, ફરીયાદ **આંક–૪૬** થી તથા સ્થળ પરીક્ષણ રીપોર્ટ **આંક–૪૬** થી રજુ થયેલ છે, જયારે તેઓની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, '' ટેન્કર નં. જીજે–૦૧–સીવાય–૧૮૬૬ નીગાડીના માલિકનો કોઈ જવાબ લીધેલ નથી, ટેન્કર નં. જીજે–૦૧ –સીએક્ષ–૮૦૬૫ નીગાડીના માલિકનો કોઈ જવાબ લીધેલ નથી, ફરીયાદમાં તથા સ્થળ સ્થિતી પંચનામુ તેમજ સાહેદોના નિવેદનોમાં આરોપીના નામ ઠામનુ વર્ણન કરવામાં આવેલ નથી, આરોપીની એકઝીકયુટીવ મેજિ.સમક્ષ કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી, તેમની તપાસમાં એવુ કંઈ આવેલ નથી કે ૧૦૮ ને કોણે બોલાવેલી, સદર ગુનાની તપાસના કામે તેઓએ માર્ગ વાહન વ્યવહાર કે આર.ટી.ઓ. કચેરીના કોઈપણ અધિકારીઓના નિવેદન લીધેલ નથી. '' આ સિવાય તેઓએ બીજી આ ગુનાના કામે કોઈ કામગીરી કરેલ ન હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં બચાવપક્ષની સંમતિથી ગુનાવાળી જગ્યાનુ પંચનામું **આંક–૨૫** થી, અટક પંચનામું **આંક–૨૬** થી, મરણોત્તર પંચનામું **આંક–૨૭** થી, પી.એમ. રીપોર્ટ

**આંક–૨૮** થી રજુ થયેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવાની હકિકતો માની લેવામાં આવે તો પણ અકસ્માત થયેલ તથા અકસ્માતમાં નારાયણભાઈનુ અવસાન થયેલ હોવાનું માની શકાય તેમ છે પણ સદર અકસ્માત કોની કસુરથી થયેલ તે હકિકત રેકર્ડ પર જણાઈ આવતી નથી. વધુમાં સદર રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદપક્ષ ફરીયાદીનો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ કરી શકેલ નથી કારણ કે ફરીયાદીને અત્રેની કોર્ટ ધ્વારા તેના જણાવેલ સરનામે વારંવાર પ્રોસેસો ઈશ્યુ કરવા છતાં ફરીયાદીને પ્રોસેસો બજી શકેલ નથી જેથી અત્રેની કોર્ટ ધ્વારા ફરીયાદીનો પુરાવો ઉપલબ્ધ કરાવવા પુરતો પ્રયાસ કરવા છતાં ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર રજુ થઈ શકેલ નથી. આમ, ફરીયાદીના પુરાવાની ગેરહાજરીમાં અન્ય સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તે ફરીયાદ હકીકતને સમર્થનકારી હોવાનુ રેકર્ડ પર જણાતુ નથી. આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો, બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને અકસ્માતમાં નારાયણભાઈનું અવસાન થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ સદર અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતી શું હતી, ચાલક કોણ હતો અને કોની કસુરનાં કારણે અકસ્માત થયેલ તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૭)** આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી મરણજનારને ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલાની હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી અને ક્રિમિનલ

જયુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય **મુદા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામનાં આરોપી **ગુફરાન ફરઝદઅલી જમાહિર રોળા,** ઉ. વ. પુખ્ત, ધંધો – ડ્રાઈવીંગ, રહે. ૩૨૨, ચમરૂપુર પઠાણ, ભાટપુરવા થાણા, જેઠવારા, જિ. પ્રતાપગઢ(યુ.પી.)નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૯ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૦૯/૦૪/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |